

## રોહિત કોઠારી

**જન્મ : ૧૫ જુલાઈ, ૧૯૫૯**
**અવસાન : ૧૫ જાન્યુઆરી ૨૦૧૨**

કેટલાક માણસો જવાબદારીનો ઢંઢેરો પીટવાને બદલે શ્વાસોશ્વાસની સહજતાથી એને નિભાવી જાણતા હોય છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના એવા એક મોભી શ્રી રોહિત કોઠારી હવે આપણી વચ્ચે નથી રહ્યા. વાઘા બોર્ડરના પ્રવાસે ગયેલા રોહિતભાઈએ અમૃતસરમાં જ છેલ્લા શ્વાસ લીધા. એમના પિતાશ્રી જયંત કોઠારી આપણી ભાષાના ઉત્કૃષ્ટ વિવેચક અને ભાષાશાસ્ત્રી તરીકે જાણીતા હતા.

પુસ્તક-પ્રકાશનનો વ્યવસાય જે ચીવટ અને સૌંદર્યપરક સ્વભાવ માગે છે તે એમને સહજ વારસાગત હતો. જયંતભાઈની જેમ તેઓ પણ રૂઢમૂલ્યો સામે હિંમતપૂર્વક પોતાની આગવી અભિવ્યક્તિ રજૂ કરી શકતા અને નિભાવી જાણતા. એમને હૃદયપૂર્વક અંજલિ.